

# ખોરાકી કાયદાનાં ઈન્સપેક્શનો (નિરીક્ષણો) અને તમારો ધંધો

Food law inspections and your business
Gujarati

## ખોરાકી કાયદાનાં ઈન્સપેક્શનો (નિરીક્ષણો) અને તમારો ધંધો

જો તમે ખોરાક બનાવવાનો કે તૈયાર કરવાનો ધંધો ચલાવતાં હો, તો તમે ખોરાકને લગતા કાયદાનું પાલન કરો છો તેની ખાતરી કરવા માટે તેનું ઈન્સપેક્શન કરવામાં આવશે. આ ઈન્સપેક્ટરો તમારી લોકલ ઓથોરિટીનાં (અથવા  નોર્ધન આયરલેન્ડમાં ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલનાં) કાયદાની અમલબજાવણી કરાવનારાં (એન્ફોર્સમેન્ટ) ઓફિસરો હશે.

આ ઈન્સપેક્શનોમાં શું કરવામાં આવી શકે અને જો ઈન્સપેક્ટરોને તમારા ધંધામાં કોઈ સમસ્યા જણાય તો તેઓ શું પગલાં લઈ શકે છે તે આ પુસ્તિકામાં સમજાવવામાં આવ્યું છે.

1

**આ ઈન્સપેક્શનો શેના માટે છે** 2

ખોરાક ખાવા માટે સુરક્ષિત હોય તેની ખાતરી કરવી 3

વર્ણનો ગેરમાર્ગે દોરતાં ન હોય તેની ખાતરી કરવી 3

કેટલીવાર ઈન્સપેક્શનો કરવામાં આવે 3

2

**ઈન્સપેક્ટરો શું કરે છે** 4

ઈન્સપેક્શન માટેની મુલાકાતો 5

પગલાં લેવાં 6

અપીલ કરવી 7

**વધારે માહિતી** 8

# આ ઈન્સપેક્શનો શેના માટે છે

આ ઈન્સપેક્શનો શેના માટે છે

## ખોરાક ખાવા માટે સુરક્ષિત હોય તેની ખાતરી કરવી

ઈન્સપેક્ટરો (નિરીક્ષકો) તપાસશે કે તમારા ધંધામાં ખાવા માટે સુરક્ષિત હોય તેવો ખોરાક બનાવવામાં આવે છે કે નહિ. આ કરવા માટે તેઓ નીચેની બાબતો જોશે:

- તમારું સ્થળ
- તમે કેવા પ્રકારનો ખોરાક બનાવો કે તૈયાર કરો છો
- તમે કેવી રીતે કામ કરો છો
- ખોરાકી સુરક્ષાના વહીવટની તમારી પદ્ધતિ

ખોરાકી સ્વચ્છતા ઉપરની કાયદેસર જરૂરિયાતો વિશે માહિતી માટે, ફૂડ સ્ટાન્ડર્ડ્સ એજન્સી (એફ.એસ.એ. Food Standards Agency FSA)ની પુસ્તિકા 'Food hygiene - a guide for businesses' 'ખોરાકી સ્વચ્છતા – ધંધાઓ માટેની માર્ગદર્શિકા' જુઓ અથવા તમારી લોકલ ઓથોરિટીમાં એન્વાયરન્મેન્ટલ હેલ્થ સર્વિસનો સંપર્ક કરો.

## વર્ણનો ગેરમાર્ગે દોરતાં ન હોય તેની ખાતરી કરવી

તમે ખોરાકનું વર્ણન કેવી રીતે કરો છો તે પણ ઈન્સપેક્ટરો જોશે, દાખલા તરીકે મેન્યૂ (ખોરાકની વાનગીઓની યાદી)માં કે લેબલ ઉપર, જેથી તે વર્ણન ગ્રાહકોને ગેરમાર્ગે દોરતું ન હોય તેની ખાતરી કરી શકાય.

ખોરાકનું વર્ણન કરવા વિશે વધારે માહિતી માટે, એફ.એસ.એ.ની આ વેબસાઈટ જુઓ: www.food.gov.uk

## કેટલીવાર ઈન્સપેક્શનો કરવામાં આવે

ઈન્સપેક્ટરો કદાચ તેમના નિયતક્રમના ઈન્સપેક્શન માટે આવે અથવા તેઓ કદાચ કોઈ ફરિયાદ મળી હોવાને કારણે મુલાકાત લેવા આવી શકે. ઈન્સપેક્ટરો કેટલીવાર તમારા ધંધાનું ઈન્સપેક્શન કરવા આવે છે તેનો આધાર તમારા ધંધાના પ્રકાર અને તમારા અગાઉના રેકોર્ડ ઉપર રહેલો છે. અમુક સ્થળોનું ઓછામાં ઓછા દર છ મહિને ઈન્સપેક્શન કરવામાં આવે જ્યારે અમુકનું ઘણી ઓછી વાર.

દરેક વાજબી સમયે ખોરાકને લગતા સ્થળમાં પ્રવેશીને તેનું ઈન્સપેક્શન કરવાનો ઈન્સપેક્ટરોને અધિકાર છે. તેમણે કોઈ અપોઈન્ટમેન્ટ કરવી જરૂરી નથી અને તેઓ સામાન્ય રીતે અગાઉથી જાણ કર્યા વગર જ આવે છે.

# ઇન્સપેક્ટરો

# શું કરે છે

ઈન્સપેક્ટરો
શું કરે છે

## ઈન્સપેક્શન માટેની મુલાકાતો

ઈન્સપેક્ટરો જ્યારે મુલાકાતે આવે ત્યારે તેમણે લોકલ ઓથોરિટીના ખોરાકી કાયદાના અમલીકરણ માટેના ફૂડ સ્ટાન્ડર્ડ્સ એજન્સીના 'ફ્રેમવર્ક એગ્રીમેન્ટ'નું અને ફૂડ લૉ કોડ ઓફ પ્રેક્ટિસ (ખોરાકી કાયદાની આચાર સંહિતા)નું પાલન કરવું જ પડે છે. 'ફ્રેમવર્ક એગ્રીમેન્ટ'માં લોકલ ઓથોરિટીઓ તેમની અમલબજાવણીની ફરજો કેવી રીતે પૂરી કરે છે તે માટેનાં ધોરણો જણાવવામાં આવ્યાં હોય છે. તે તમે એફ.એસ.એ.ની આ વેબસાઈટ પર વાંચી શકો છો: www.food.gov.uk

તમે અપેક્ષા રાખી શકો છો કે ઈન્સપેક્ટરો જ્યારે આવે ત્યારે તમને તેમનું ઓળખપત્ર બતાવે અને સમગ્ર મુલાકાત દરમ્યાન તમારી સાથે વિનમ્રતાપૂર્વક વર્તે. તેમણે ઈન્સપેક્શન ઉપર હંમેશાં તેમના વળતા વિચારો તમને જણાવવા જોઈએ. એટલે કે જો તેમને કોઈ સમસ્યા જણાઈ હોય તો તેઓ તમને તે વિશે કહેશે અને તેને કેવી રીતે નિવારી શકાય તેની સલાહ આપશે.

જો ઈન્સપેક્ટરો તમને કશું કરવાની સલાહ આપે તો તે તમારે કાયદાનું પાલન કરવા માટે કરવું જરૂરી છે કે તે સારો કાર્યવ્યવહાર છે તે તેમણે તમને કહેવું જ જોઈએ.

જો ઈન્સપેક્શનના પરિણામે કોઈ પગલાં લેવાનું તમને કહેવામાં આવે, તો તેનાં કારણો તમને લેખિતમાં આપવામાં આવવાં જ જોઈએ. જો ઈન્સપેક્ટરો નક્કી કરે કે તમે કાયદાનો ભંગ કરો છો, તો કાયદો શું છે તે તેમણે તમને કહેવું જ જોઈએ.

ફેરફારો કરવા માટે ઈન્સપેક્ટરોએ તમને વાજબી સમય આપવો જોઈએ, સિવાય કે જ્યાં જાહેર આરોગ્ય ઉપર તત્કાલિન જોખમ હોય. તેમનાં પગલાં સામે તમે કેવી રીતે અપીલ કરી શકો તે તેમણે તમને કહેવું જ જોઈએ (પાનું 7 જુઓ).

## પગલાં લેવાં

તેમને જ્યારે જરૂરી લાગે ત્યારે, જાહેર જનતાના રક્ષણ માટે ઈન્સપેક્ટરો 'અમલબજાવણીનાં પગલાં' લઈ શકે છે. દાખલા તરીકે, તેઓઃ

- તમારા રેકોર્ડોની તપાસ કરી શકે છે
- ખોરાકના નમૂના અને ફોટા લઈ શકે છે
- તમને અનૌપચારિકપણે લખીને કોઈ સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે કહી શકે છે
- શંકાસ્પદ ખોરાક લઈ લે કે જપ્ત કરી શકે છે

તેઓ તમને નોટિસ પણ આપી શકે છે. નોટિસો ત્રણ મુખ્ય પ્રકારની હોય છેઃ

- 'સ્વચ્છતામાં સુધારો કરવા માટેની નોટિસ', જેમાં જો તમારો ધંધો કાયદાનો ભંગ કરતો હોય, તો તેનું પાલન કરવા માટે તમારે કરવી જ પડે તેવી કેટલીક બાબતો જણાવેલી હોય છે
- 'સ્વચ્છતા અંગેના તત્કાલિન પ્રતિબંધની નોટિસ', જેમાં અમુક પ્રક્રિયાઓ, સ્થળો કે સાધનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે અને તેને કોર્ટ દ્વારા ચોક્કસ કરવી જ પડે છે
- 'ઉકેલનાં પગલાં માટેની નોટિસ' (માન્ય સંસ્થાનો માટે જ), જેમાં અમુક પ્રક્રિયાઓ, સ્થળો કે સાધનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે અથવા કોઈ પ્રક્રિયા કેવી રીતે કરવામાં આવવી જોઈએ તે માટેની શરતો મૂકવામાં આવે છે – તે સ્વચ્છતા અંગેના તત્કાલિન પ્રતિબંધની નોટિસ જેવી જ હોય છે, પરંતુ તેને કોર્ટ દ્વારા ચોક્કસ કરવાની જરૂર હોતી નથી

અમુક ગંભીર કિસ્સાઓમાં ઈન્સપેક્ટરો કાયદેસર કાર્યવાહીની ભલામણ પણ કરી શકે છે. જો કાયદેસર કાર્યવાહી સફળ થાય, તો કોર્ટ તમને અમુક પ્રક્રિયાઓ, સ્થળ કે સાધનોનો ઉપયોગ કરવા ઉપર મનાઈ ફરમાવી શકે અથવા ખોરાકના ધંધાનો વહીવટ કરવાનો તમારા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવી શકે. તેના લીધે તમને દંડ કે જેલ સજા પણ થઈ શકે.

## અપીલ કરવી

દરેક લોકલ ઓથોરિટી પાસે તેની સેવા વિશેની ફરિયાદો ઉપર કાર્યવાહી કરવા માટેની એક ઔપચારિક કાર્યપદ્ધતિ હોવી જ જોઈએ. આથી જો તમે કોઈ ઈન્સપેક્ટરે લીધેલાં પગલાં સાથે સંમત ન હો તો તમારે તમારી લોકલ ઓથોરિટીમાં એન્વાયરન્મેન્ટલ હેલ્થ અથવા ટ્રેડિંગ સ્ટાન્ડર્ડ્સ સર્વિસીસનો સંપર્ક કરવો જોઈએ, જેથી વાતચીત કરીને અથવા પત્રો લખીને સમસ્યાનો ઉકેલ લાવી શકાય તેમ છે કે નહિ તે જોઈ શકાય. તે પછી પણ જો તમે સંમત ન હો, તો તમે તમારા સ્થાનિક કાઉન્સિલરને મળી શકો.

જો તમને લાગતું હોય કે તમારી લોકલ ઓથોરિટી બીજી ઓથોરિટીઓ કરતાં જુદી રીતે કાયદો લાગુ પાડી રહી છે, તો તમે તમારી વેપારી સંસ્થા કે તમારી લોકલ ઓથોરિટી મારફતે લોકલ ઓથોરિટીઝ કો-ઓર્ડિનેટર્સ ઓફ રેગ્યુલેટરી સર્વિસીસ (એલ.એ.સી.ઓ.આર.એસ. Local Authorities Co-ordinators of Regulatory Services - LACORS) પાસેથી અથવા સ્કૉટિશ ફૂડ કો-ઓર્ડિનેટિંગ કમિટિ (Scottish Food Co-ordinating Committee) પાસેથી સલાહ મેળવી શકો છો.

સ્વચ્છતામાં સુધારા કરવા માટેની નોટિસ અથવા સમસ્યાનો ઉકેલ લાવવા માટેની નોટિસ તમને આપવાના લોકલ ઓથોરિટીના નિર્ણય સામે તમે મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં (અથવા સ્કૉટલેન્ડમાં શેરિફ પાસે) અપીલ કરી શકો છો, પણ સ્વચ્છતા માટેનો તત્કાલિન પ્રતિબંધ ઓર્ડર ઉઠાવવા માટે નહિ. જ્યારે કોઈ વ્યક્તિ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય ત્યારે તે ફક્ત કોર્ટ દ્વારા ઉઠાવી શકાય છે.

જ્યારે ઈન્સપેક્ટરો કોઈ સ્થળ, કોઈ પ્રક્રિયા કે કોઈ એક સાધન ઉપર સ્વચ્છતા માટેના ઈમર્જન્સી પ્રતિબંધની નોટિસ લાદે છે ત્યારે તેમણે અમુક ચોક્કસ કરવામાં આવેલા સમયની અંદર તેને ચોક્કસ કરવા માટે કોર્ટમાં (સ્કૉટલેન્ડમાં શેરિફને) અરજી કરવી જ પડે છે.

ઈન્સપેક્ટર દ્વારા જપ્ત કરવામાં આવેલો ખોરાક માનવીય વપરાશ માટે લાયક નથી એવો ચૂકાદો જસ્ટિસ ઓફ ધ પીસ (અથવા શેરિફ)ની સત્તા ઉપર જ આપી શકાય છે.

તમે ઈચ્છો તો કોર્ટની સુનાવણીમાં હાજરી આપી શકો છો. જો કોઈ સ્થળને યોગ્ય કારણ વગર બંધ કરી દેવામાં આવ્યું છે અથવા ખોરાકને અયોગ્ય રીતે જપ્ત કરવામાં કે પાછો લઈ લેવામાં આવ્યો છે એવો કોર્ટ નિર્ણય કરે તો તેનું વળતર મેળવવાનો તમને અધિકાર છે.

# વધારે માહિતી

તમારી લોકલ ઓથોરિટી તમને ખોરાકી કાયદા વિશે તેમજ તમારે અને તમારા કર્મચારીઓએ મેળવવા જરૂરી ખોરાકી સુરક્ષાના જ્ઞાન વિશે સલાહ આપી શકે છે. તમે એફ.એસ.એ.ની આ વેબસાઈટ પરથી અને નીચે જણાવેલાં પ્રકાશનોમાંથી પણ માહિતી મેળવી શકો છોઃ www.food.gov.uk

## ફૂડ સ્ટાન્ડર્ડ્સ એજન્સીનાં પ્રકાશનો

Food hygiene – a guide for businesses
**ફૂડ હાઈજિન - એ ગાઈડ ફોર બિઝનેસીસ (ખોરાકી સ્વચ્છતા - ધંધાઓ માટેની માર્ગદર્શિકા)**
- ખોરાકી સ્વચ્છતાને લગતાં નિયમનો વિશેની સામાન્ય માર્ગદર્શિકા

Starting up – Your first steps to running a catering business
**સ્ટાર્ટિંગ અપ - યોર ફર્સ્ટ સ્ટેપ્સ ટુ રનિંગ એ કેટરિંગ બિઝનેસ (શરૂઆત કરવી - કેટરિંગ (ખાદ્યપદાર્થ)નો ધંધો ચલાવવા માટેનાં તમારાં પહેલાં પગલાં)**
- કેટરિંગના નવા ધંધાઓ માટેની માર્ગદર્શિકા

આ પુસ્તિકાઓ અથવા એફ.એસ.એ. દ્વારા બહાર પાડવામાં આવતાં બીજાં પ્રકાશનોની નકલો મંગાવવા માટે આ પુસ્તિકાની પાછળ આપેલી સંપર્કની વિગતો જુઓ.

## ખોરાકી સુરક્ષાના વહીવટની માહિતી સામગ્રી

જો તમે કેટરિંગનો નાનો ધંધો અથવા ખોરાકના છૂટક વેચાણનો ધંધો ચલાવતાં હો, તો ખોરાકી સુરક્ષાના વહીવટની પદ્ધતિ અમલમાં મૂકવામાં તમારી મદદ કરવા માટે એફ.એસ.એ. પાસેથી માહિતી સામગ્રી મળી શકે છે. વધારે માહિતી માટે તમારી લોકલ ઓથોરિટીનો સંપર્ક કરો અથવા એફ.એસ.એ.ની વેબસાઈટ જુઓઃ www.food.gov.uk

## સારા કાર્યવ્યવહારની માર્ગદર્શિકાઓ

આ ઉદ્યોગ દ્વારા બહાર પાડવામાં આવતી સારા કાર્યવ્યવહારની માર્ગદર્શિકાઓ પણ તમને ખોરાકી સ્વચ્છતાનાં નિયમનોનું કેવી રીતે પાલન કરવું તેની સલાહ આપે છે. અનેક નવી માર્ગદર્શિકાઓ બનાવવામાં આવી રહી છે. વિગતો માટે, એફ.એસ.એ.ની વેબસાઈટ જુઓઃ www.food.gov.uk


www.food.gov.uk

**ફૂડ સ્ટાન્ડર્ડ્સ એજન્સીનાં પ્રકાશનો**
આ પુસ્તિકાની અથવા એજન્સી દ્વારા બહાર પાડવામાં આવતાં અન્ય પ્રકાશનોની નકલો મંગાવવા માટે, ફૂડ સ્ટાન્ડર્ડ્સ એજન્સી પબ્લિકેશન્સનો સંપર્ક કરોઃ


| | |
|---|---|
| ફોન | 0845 606 0667 |
| મિનિકોમ | 0845 606 0678 |
| ફેક્સ | 020 8867 3225 |
| ઈ-મેઈલ | foodstandards@ecgroup.uk.com |


**www.food.gov.uk ઉપર ફૂડ સ્ટાન્ડર્ડ્સ એજન્સીની વેબસાઈટ જુઓ.**


Published by the Food Standards Agency September 2006
Design by Hoop Associates



© Crown copyright 2006


FSA/1080/0906